**ચોમાસા પહેલાં સુરત જિલ્લા તંત્ર એલર્ટ મોડમાં**

# વોટરલોગિંગ, વાવાઝોડા અને પૂરની સમીક્ષા કરતા કલેક્ટર

**નીચાણવાળા** અને સંવેદનશીલ વિસ્તારો પર ખાસ ફોકસ, માર્ગ મરામત અને ખોદકામ જૂન પહેલાં પૂર્ણ કરવાનો આદેશ



સુરતઃ સુરત જિલ્લામાં આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ બને તે માટે જિલ્લા કલેક્ટર તેજસ પરમારની અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સુન પ્રિપેર્ડનેશ અને આપત્તિ વ્યવસ્થાપનની મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. કલેક્ટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં વિવિધ વિભાગોની તૈયારીઓ, જોખમવાળા વિસ્તારોની સ્થિતિ અને આવશ્યક સેવાઓની સક્રિયતા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટરે સ્પષ્ટ કર્યું હતું કે, ભારે વરસાદ, પૂર, વોટરલોગિંગ અને વાવાઝોડા જેવી પરિસ્થિતિમાં લોકોના જાનમાલને ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે તમામ વિભાગોએ સંકલિત રીતે કાર્ય કરવું પડશે. ખાસ કરીને શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જતા દબાણો દૂર કરવા તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. ચોમાસા દરમિયાન તમામ લાઇન ડિપાર્ટમેન્ટના કંટ્રોલરૂમ 24 કલાક કાર્યરત રહે તે માટે પણ ખાસ નિર્દેશ આપવામાં આવ્યા હતા. જિલ્લા તંત્ર દ્વારા તેવા વિસ્તારોની ઓળખ કરવામાં આવી રહી છે જ્યાં દર વર્ષે પાણી ભરાવા, ખાડીપૂર અથવા માર્ગ અવરોધ જેવી પરિસ્થિતિ ઊભી થાય છે. આવા વિસ્તારોમાં પૂર્વ આયોજન હેઠળ પાણીના નિકાલની વ્યવસ્થા, ડ્રેનેજ અને કેનાલોની સફાઈ, ગટર-બોગદાઓની ડીસિલ્ટિંગ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવી. તે ઉપરાંત, સ્થળાંતર જરૂરી બને તો આશ્રયસ્થાનો તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવી શાળાઓ અને સરકારી ઈમારતોની યાદી તૈયાર રાખવા પર ભાર મૂકાયો હતો. ચોમાસા દરમિયાન અકસ્માતો ટાળવા માટે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જર્જરિત મકાનોનું સર્વેક્ષણ કરી ચેતવણી બોર્ડ લગાવવા સૂચના આપવામાં આવી. ઉપરાંત જોખમી ઝાડ, વીજ પોલ અને હોર્ડિંગ્સ દૂર કરવા માટે સ્થાનિક તંત્રોને સક્રિય થવા જણાવ્યું છે.

## NDRF-SDRFની સજ્જતા અને સાધનોની ચકાસણી

આપત્તિ સમયે ઝડપી બચાવ કામગીરી માટે એનડીઆરએફ અને એસડીઆરએફની તૈયારીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. બચાવ કામગીરીમાં ઉપયોગી તમામ સાધનો કાર્યરત હાલતમાં હોય તે સુનિશ્ચિત કરવા કલેક્ટરે ખાસ તાકીદ કરી હતી. ફાયર અને રેસ્ક્યુ વિભાગને પણ સર્ચ એન્ડ રેસ્ક્યુ સાધનો, બોટ, લાઈફ જેકેટ સહિતની સામગ્રીની પૂર્વ ચકાસણી કરવા જણાવાયું.

## પેટ્રોલ-ડીઝલ બચાવવા વિડીયો કોન્ફરન્સથી તાલુકા તંત્ર જોડાયું

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે તમામ તાલુકાના મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને પ્રાંત અધિકારીઓ વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠકમાં જોડાયા હતા. ઉલ્લેખનિય છે કે દર વખતે મામલતદારો તાલુકાથી આ મીટીંગ માટે કલેક્ટર કચેરીએ આવતા હોય છે. પરંતુ આ વખતે સરકાર દ્વારા પેટ્રોલ ડિઝન બચાવવા માટે કરેલી પહેલને પગલે વિડીયો કોન્ફરન્સથી મામલતદારો જોડાયા હતા.

## સુંવાલી, ડુમસ અને દરિયા કાંઠા વિસ્તારોમાં વધારાની સાવચેતી

ચોમાસામાં દરિયાકાંઠા વિસ્તારોમાં દુર્ઘટનાઓ અટકાવવા માટે સુવાલી, ડુમસ અને ડભારી બીચ જેવા સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવાની ચર્ચા થઈ. પાણી પસાર થતા કોઝવે અને રસ્તાઓ પર બેરિકેડિંગ તથા પોલીસ બંદોબસ્ત રાખવા પણ સૂચના આપવામાં આવી.

# ચોર્યાસી તાલુકાનાં વિકાસકામો સમયસર પૂર્ણ કરો: સંદીપ દેસાઈ

**ચોર્યાસી** તાલુકા પંચાયતની સંદીપ દેસાઇના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ



સુરતઃ ચોર્યાસી તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં વર્ષોથી પડતર રહેલા સ્થાનિક પ્રશ્નો, વિભાગીય વિલંબ અને પ્રજાલક્ષી કાર્યોની ધીમી ગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ધારાસભ્ય સંદીપ દેસાઈએ બેઠક દરમિયાન સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જુદા જુદા સરકારી વિભાગો વચ્ચે યોગ્ય સંકલનના અભાવે સામાન્ય નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. રસ્તા, પાણી, ગટર, વીજ પુરવઠા અને ટ્રાફિક જેવી મૂળભૂત સુવિધાઓ સાથે જોડાયેલા અનેક પ્રશ્નો માત્ર ફાઈલ પ્રક્રિયાના વિલંબને કારણે અટવાઈ રહે છે.

આવી પરિસ્થિતિ હવે સહન નહીં કરવામાં આવે અને દરેક વિભાગે જવાબદારીપૂર્વક કામગીરી કરવાની રહેશે. ધારાસભ્યે અધિકારીઓને સૂચના આપતા જણાવ્યું હતું કે, ગામડાંઓમાં નાના પ્રશ્નો પણ લોકો માટે મોટા પ્રશ્ન સમાન હોય છે. તેથી ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની લાઈન, ગટર વ્યવસ્થા, રસ્તા મરામત, સ્ટ્રીટલાઈટ, જાહેર પરિવહન અને ખેતી સંબંધિત પ્રશ્નોને પ્રાથમિકતા આપીને ઝડપથી ઉકેલ લાવવો જરૂરી છે.

તેમણે જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ વચ્ચે સતત સંવાદ અને સંકલન જાળવવા પણ ભાર મૂક્યો હતો.

આ સમીક્ષા બેઠકમાં સિંચાઈ વિભાગ, પાણી પુરવઠા બોર્ડ, ગટર વ્યવસ્થા બોર્ડ, સુડા, ડીજીવીસીએલ, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત ગેસ, જીપીસીબી, ટ્રાફિક પોલીસ, આરટીઓ, જીએસઆરટીસી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

અધિકારીઓને સ્થાનિક સ્તરે ઉભા થતા પ્રશ્નો અંગે સીધો પ્રતિસાદ મળતા અનેક મુદ્દાઓના સ્થળ પર જ પ્રાથમિક નિરાકરણ માટે ચર્ચા હાથ ધરાઈ હતી.

# ગીર વિસ્તારમાં 17 સિંહોને આઈસોલેટ કરી દેવાયા

**ગીર** વિસ્તારમાં 350થી વધુ સિંહો માટે ડી-ટિકિંગ સહિતની કામગીરી

ગાંધીનગરઃ ગીર વિસ્તારમાં થયેલા સિંહ બાળના મૃત્યુ મામલે ગાંધીનગરમાં આજે રાત્રે સીએમ ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચસ્તરીય બેઠક યોજી સમગ્ર પરિસ્થિતિની તલસ્પર્શી સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન વન વિભાગના અધિકારીઓએ સિંહોની આરોગ્ય સ્થિતિ અને હાથ ધરાયેલી કામગીરી અંગે મુખ્યમંત્રીને વિગતવાર માહિતી આપી હતી.

વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ ડૉ. વિનોદ રાવે બેઠકમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ચાર સિંહ બાળનાં મૃત્યુ જુદા જુદા વિસ્તારોમાં થયાં છે. અસરગ્રસ્ત વિસ્તારોના કુલ 17 જેટલા સિંહોને આઈસોલેટ કરીને તેમની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગીર ગઢડા અને બાબરીયા વિસ્તારના 10 કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા તમામ સિંહોનું સઘન મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. હાલ સુધી અન્ય કોઈ ગંભીર બીમારીનાં લક્ષણો નોંધાયા નથી.

વન વિભાગ દ્વારા અમરેલી અને ભાવનગર જિલ્લાના મહેસૂલી વિસ્તારોમાં રહેલા તમામ સિંહોનું પણ સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરીનો દૈનિક અહેવાલ પણ રાજ્ય સરકારને મોકલવામાં આવી રહ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ઉનાળાની ઋતુ દરમિયાન જોવા મળતી સીઝનલ બીમારીઓ સામે સાવચેતીના ભાગરૂપે ગીર વિસ્તારમાં 350થી વધુ સિંહો માટે ડી-ટીકીંગ સહિતની આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી છે. સિંહોમાં ચેપજન્ય રોગો ન ફેલાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી હોવાનું બેઠકમાં જણાવાયું હતું.

અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંહએ જણાવ્યું હતું કે આ સમગ્ર કામગીરીમાં જૂનાગઢ વેટરનરી કોલેજના નિષ્ણાત તબીબોની ટીમ પણ જોડાઈ છે અને સતત આરોગ્ય નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રીએ સિંહોની સુરક્ષા અને આરોગ્યને લઈને તમામ જરૂરી પગલાં ઝડપી અને અસરકારક રીતે અમલમાં મૂકવા અધિકારીઓને સૂચના આપી હોવાનું પણ જાણવા મળ્યું છે.

# રેલવે GM દ્વારા જલગાંવ ઉધના સેક્શનનું નિરીક્ષણ

**નંદુરબાર** સહિત વિવિધ સ્ટેશનો પર પેસેન્જર સુવિધાઓ, સુરક્ષા અને ખાદ્યપદાર્થોની ગુણવત્તાની કડક સમીક્ષા કરાઈ

સુરતઃ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (જનરલ મેનેજર) રામાશ્રય પાંડેય દ્વારા બુધવારે ઉધના-જલગાંવ રેલ સેક્શન હેઠળ આવતા નંદુરબાર સહિતનાં વિવિધ રેલવે સ્ટેશનોની ઓચિંતી મુલાકાત લઈ સમગ્ર રેલવે વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને આપવામાં આવતી સુવિધાઓ વધુ સુદ્રઢ બને અને ટ્રેનોનું સંચાલન સંપૂર્ણપણે સુરક્ષિત રીતે થાય તેવા આશય સાથે આ પ્રવાસ યોજાયો હતો. આ ઉચ્ચસ્તરીય મુલાકાત દરમિયાન જીએમ દ્વારા સ્ટેશન સંચાલન, મુસાફરોની પ્રાથમિક સુવિધાઓ, સ્વચ્છતા અભિયાન અને ખાદ્યપદાર્થોની ગુણવત્તા જેવાં અનેક મહત્ત્વનાં પાસાંની સમીક્ષા કરવામાં આવી હતી.

પોતાના નિરીક્ષણ પ્રવાસ દ રમિયાન મહાપ્રબંધક રામાશ્રય પાંડેયે નંદુરબાર રેલવે સ્ટેશન ખાતે કાર્યરત 'કેરેજ એન્ડ વેગન કમાન્ડ સેન્ટર'ની વિશેષ મુલાકાત લીધી હતી. તેમણે આ સેન્ટરની સમગ્ર કાર્યપ્રણાલીને ખૂબ જ બારીકાઈથી નિહાળી હતી અને ટ્રેનોના રિયલ-ટાઈમ મોનિટરિંગ, મેઈન્ટેનન્સ તેમજ ટેક્નિકલ પાસાંની અત્યાધુનિક વ્યવસ્થા અંગે હાજર અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરાંત તેમણે સ્ટેશન પરિસરમાં સ્વચ્છતાની સ્થિતિ, મુસાફરો માટે બેસવાની વ્યવસ્થા, શુદ્ધ પીવાના પાણીની સુવિધા અને પ્રતીક્ષાલયો (વેઈટિંગ રૂમ) સહિતની તમામ મૂળભૂત સુવિધાઓની જાતે ચકાસણી કરી હતી.

રેલવે સ્ટેશનો પર મુસાફરોને મળતા ખોરાકની ગુણવત્તા બાબતે વેસ્ટર્ન રેલવેના જીએમએ ભારે કડ કાઈ દાખવી હતી. તેમણે સ્ટેશન પર આવેલા વિવિધ ફૂડ સ્ટોલ્સ અને કેટરિંગ યુનિટ્સની રૂબરૂ મુલાકાત લીધી હતી. ત્યાં વેચાતા ખાદ્યપદાર્થોની ક્વોલિટી, હાઈજીન અને કિચનની સ્વચ્છતાના માપદંડો ચકાસ્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે રેલવે પ્રવાસીઓના સ્વાસ્થ્ય સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં અને મુસાફરોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભોજન મળી રહે તે સુનિશ્ચિત કરવા સંબંધિત રેલવે અધિકારીઓને આકરા આદેશો આપ્યા હતા.

રેલવેનાં સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ સમગ્ર નિ રીક્ષણનો મુખ્ય ઉદ્દેશ રેલવે ઓપ રેશનને વધુ અસરકારક અને સમયબદ્ધ બનાવવાનો તેમજ મુ સાફરોની સફરને વધુ સુખદ અને આરામદાયક બનાવવાનો છે. મુલાકાતના અંતે જીએમ રામાશ્રય પાંડેયે રેલવે કર્મચારીઓ અને અધિકારીઓ સાથે વન-ટુ-વન સંવાદ સાધ્યો હતો. તેમણે રેલવે સ્ટાફની સખત મહેનત અને તત્પરતાની મુક્ત કંઠે પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, સુરક્ષિત અને સમયસર ટ્રેન સંચાલનની સાથે-સાથે રેલવે પ્રવાસીઓની સુવિધા અને સંતોષ એ આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ. આ સમગ્ર નિરીક્ષણ પ્રવાસ દરમિયાન પશ્ચિમ રેલવેના વિવિધ વિભાગોના ઉચ્ચ અને વરિષ્ઠ અધિકારીઓનો કાફલો પણ ઉપસ્થિત રહ્યો હતો, જેમણે સુરક્ષા વ્યવસ્થા અને ઓપરેશનલ સજ્જતા પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું.

# 1.52 કરોડના ચેક બાઉન્સના 4 કેસમાં આરોપીને સજા

**માતબર** રકમનો વ્યવહાર થયો હોવાથી ઈન્કમટેક્સ વિભાગને જાણ કરવા આદેશ

**બોગસ** વકીલને સાથે રાખી બોગસ દસ્તાવેજ બનાવી આરોપીએ જમીનનો સોદો કર્યો હતો

સુરતઃ હજીરા સ્થિત જમીનનાં બોગસ દસ્તાવેજો બતાવી સોદામાં લીધેલાં રૂ. ૧.૫૨ કરોડની રકમ પરત આપવા આપેલાં ચેક રિટર્નનાં ચાર કેસમાં આરોપી જમીન દલાલને દરેક કેસમાં ૧૫-૧૫ મહિનાની સજા કોર્ટે ફટકારી હતી. આ ચુકાદામાં કોર્ટે માતબર રકમનો વ્યવહાર થયો હોવાથી ઈન્કમટેક્ષ વિભાગને જાણ કરવા આદેશ આપ્યો હતો.

વેસુના ફરિયાદી વેપારી અનુદીપ પ્રેમચંદ અગ્રવાલે કર્મકાંડી અને જમીન દલાલ આરોપી જયગિરિ શંકરગિરિ ગોસ્વામી વિરુદ્ધ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ચાર ફરિયાદ કરી હતી. આ કેસની વિગત મુજબ ફરિયાદી જમીન ખરીદવા માંગતા હોવાથી આરોપી તથા તેના પરિવારજનોએ હજીરા વિસ્તારની જમીન માતાને વારસાઈ તરફથી મળી હોવાનો વિશ્વાસ કેળવી રૂ. ૧.૯૦ કરોડમાં સોદો કર્યો હતો. ફરિયાદીએ ટુકડે ટુકડે રૂપિયા ચૂકવ્યા હતા. ત્યારબાદ જમીનનો દસ્તાવેજ નહીં કરી આપતાં ફરિયાદીને શંકા જતા આરોપીએ બોગસ વકીલને પણ ઉભો કરી ફરીથી વિશ્વાસ કેળવવાનો પ્રયાસ કર્યો હતો. તપાસ કરતાં એ વકીલ ન હતો. આરોપીએ બતાવેલાં દસ્તાવેજો બનાવટી હોવાનું જાણવાં મળતાં ફરિયાદીએ સોદો રદ કરવાનું નક્કી કરી પૈસા પરત માંગ્યા હતા. જેથી આ રકમનો હાથ ઉછીના આપ્યાનો કરાર કર્યા બાદ આરોપીએ પાંચ ચેકો આપ્યાં હતા. જેમાં ૩૮ લાખનાં ચાર ચેક ફરિયાદીએ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવતાં રિટર્ન થયાં હતાં. જેથી ફરિયાદીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. બંન્ને પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ પુરાવાને ધ્યાને લઈ કોર્ટે આ ચારેય કેસમાં આરોપી જયગિરિ ગોસ્વામીને ૧૫-૧૫ મહિનાની સજા અને કુલ ૧.૫૨ કરોડ ફરિયાદીને વળતર પેટે ચૂકવવા હુકમ કર્યો હતો.

# ITR-1-2-4 માટે ઓનલાઇન ફાઇલિંગની સુવિધા શરૂ થઇ

**સમયસર** યુટિલિટી ઉપલબ્ધ થવાને કારણે છેલ્લા દિવસોમાં પોર્ટલ પર વધતા ટ્રાફિક અને ટેક્નિકલ સમસ્યાઓથી કરદાતાઓને રાહત મળશે

સુરતઃ સુરત શહેર સહિત દેશભરના કરદાતાઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ઇન્કમટેક્સ વિભાગ દ્વારા આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ માટે ITR-1-2-4 ફોર્મનું ઓનલાઇન ફાઇલિંગ તેમજ એક્સેલ યુટિલિટી શરૂ કરી દેવામાં આવતાં હવે ટેક્સ રિટર્ન ફાઇલ કરવાની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બની છે. ઇન્કમ ટેક્સ વિભાગે પોતાના ઇ-ફાઇલિંગ પોર્ટલ પર ITR માટે ઓનલાઇન ફાઇલિંગની સુવિધા સક્રિય કરી છે. સાથે જ કરદાતાઓ માટે ઓફલાઇન એક્સેલ યુટિલિટી પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી ટેક્સપેયર્સ ઘરે બેઠા સરળતાથી રિટર્ન તૈયાર કરી શકશે. આ પહેલાં વિભાગ દ્વારા ITR-1 અને ITR-4 ફોર્મ માટે ઓનલાઇન તેમજ ઓફલાઇન યુટિલિટીઝ શરૂ કરવામાં આવી હતી. હવે ૨૬ મે-૨૦૨૬થી ITR-2 ફોર્મ પણ લાઇવ થતાં સુરતના વેપારીઓ, પ્રોફેશનલ્સ, નોકરીયાત વર્ગ અને મૂડીરોકાણ ધરાવતા કરદાતાઓને મોટી રાહત મળી છે. વિભાગ દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ, જે કરદાતાઓ ITR-2 હેઠળ રિટર્ન ફાઇલ કરવા પાત્ર છે તેઓ હવે સીધા ઇ-ફાઇલિંગ પોર્ટલ પર લોગઇન કરીને અથવા એક્સેલ યુટિલિટી ડાઉનલોડ કરીને રિટર્ન સબમિટ કરી શકશે. આ સાથે આવકવેરા વિભાગ દ્વારા ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) ચેક અભિયાન પણ તેજ બનાવાયું છે. કરદાતાઓને એસએમએસ મારફતે તેમના DSCની માન્યતા અને સ્ટેટસ ચકાસવા માટે સૂચનાઓ મોકલવામાં આવી રહી છે. સુરતના ટેક્સ કન્સલ્ટન્ટ્સ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના જણાવ્યા મુજબ સમયસર યુટિલિટી ઉપલબ્ધ થવાને કારણે છેલ્લા દિવસોમાં પોર્ટલ પર વધતા ટ્રાફિક અને ટેકનિકલ સમસ્યાઓથી કરદાતાઓને રાહત મળશે. ખાસ કરીને વેપાર અને ડાયમંડ ઉદ્યોગ સાથે જોડાયેલા કરદાતાઓ માટે આ અપડેટ ઉપયોગી સાબિત થશે.

# હોમગાર્ડના ભત્રીજાનો વેડ રોડની સગીરા પર બળાત્કાર

**બે** મહિના પહેલા ઇન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવ્યા હતા

**વેડ રોડ** પર મામાના ઘરેથી ઉપાડી અમરેલીમાં બળાત્કાર કર્યો

સુરતઃ ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવેલી અમરેલીની સગીરા પર હોમગાર્ડના ભત્રીજાએ બળાત્કાર કરતાં ગુનો દાખલ થયો છે.

મૂળ અમરેલીની વતની અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતી સગીરા (બદલેલું નામઃ આરતી) ગત ૩૦ એપ્રિલના રોજ સુરતના વેડરોડ ખાતે રહેતા તેના મામાના ઘરે વેકેશન ગાળવા માટે આવી હતી. ગત ૨૫ મેના રોજ બપોરે આશરે પોણા ત્રણ વાગ્યાના અરસામાં આરતી સોસાયટીના નાકેથી અચાનક ગુમ થઈ ગઈ હતી. ઘરમાં ન મળી આવતા પરિવારજનોએ તેની શોધખોળ આદરી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. આ અંગેની જાણ થતાં જ તેના માતા-પિતા પણ તાત્કાલિક અમરેલીથી સુરત દોડી આવ્યા હતા.

બીજી તરફ, પરિવારજનો જ્યારે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા પહોંચ્યા ત્યારે સગીરા ત્યાં મળી આવી હતી. સગીરાએ પોતાની માતા સમક્ષ આપવીતી વર્ણવતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાના લીલિયા તાલુકાના બોડિયા ગામનો વતની અને હાલ સુરતના અમરોલી વિસ્તારમાં રહેતો દીપક કાળુભાઈ સોંદરવા (ઉં.વ. ૨૪) નામનો યુવક છેલ્લા એકાદ વર્ષથી તેના ભાઈના ઘરે રહેતો હતો. આશરે ત્રણ મહિના પહેલાં મોબાઈલ ફોન દ્વારા ઈન્સ્ટાગ્રામ પર દીપક સાથે તેની મુલાકાત અને વાતચીત શરૂ થઈ હતી. આરતી સુરત આવી હોવાની જાણ થતાં દીપકે તેને મળવા બોલાવી હતી. ગત ૨૫ મેના રોજ બપોરે તે રહેણાંક સોસાયટીના નાકે આવ્યો હતો અને આરતીને લલચાવી-ફોસલાવીને વાલીપણામાંથી ભગાડી અમરોલી ખાતે આવેલા તેના એક સબંધીના રૂમ પર લઈ ગયો હતો. સગીરાને ત્યાં મૂકીને તે પોતાના કામે તબેલા પર ચાલ્યો ગયો હતો. ત્યારબાદ રાત્રે પરત ફરેલા નરાધમ દીપકે સગીરાની મરજી વિરુદ્ધ તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યું હતું.

આ દરમિયાન દીપકના બનેવી, જેઓ હોમગાર્ડમાં ફરજ બજાવે છે, તેમને આ સમગ્ર મામલાની અને દીપક સગીરાને ભગાડી લાવ્યો હોવાની જાણ થઈ ગઈ હતી. પરિસ્થિતિ પારખી જઈને તેઓએ તાત્કાલિક સગીરાને ચોકબજાર પોલીસ સ્ટેશન ખાતે મોકલી આપી હતી.ભોગ બનનાર સગીરાની માતાની ફરિયાદના આધારે ચોકબજાર પોલીસે આરોપી દીપક કાળુભાઈ સોંદરવા વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### ગુજરાતમાં ઈબોલાનો...

પેટ્રિક કાજા અને વેલેન્ટિન ઝોડલ નામના અન્ય સંપર્કોની પણ તપાસ ચાલી રહી છે. આ ત્રણને એસવીપી હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે.

આરોગ્ય તંત્રના જણાવ્યા અનુસાર દર્દીની તાજેતરની આંતરરાષ્ટ્રીય મુસાફરી, સતત તાવ, લિવર એન્ઝાઈમ્સમાં વધારો અને સંપર્ક સર્વેલન્સની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કેસને શંકાસ્પદ આયાતી ચેપજન્ય રોગ તરીકે હેન્ડલ કરવામાં આવી રહ્યો છે.અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે હાલ સુધી ઈબોલા પોઝિટિવની પુષ્ટિ થઈ નથી, તેમ છતાં તમામ જરૂરી સાવચેતી અને મોનીટરિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### અફેરમાં પતિના...

હતું કે પત્ની નિશા વસંતભાઈ વારલી ઉંમર વર્ષ 22 અને તેના ત્રણ બાળકો દીકરી નાયરા ઉ.વ 2, અને બે જુડવા બાળકો આયંશ,વિહાન્શ ઉ.વ 9 માસ સાથે રહે છે તે મચ્છીમારીની મજૂરી કરવા માંગરોળ વેરાવળ ગયો હતો. 10 મે 2026ના રોજ પરત ઘરે આવ્યો હતો. 26 મે 2026ના રોજ પત્નીનો ફોન જોવા માટે લીધેલો તે વખતે મરાઠી છોકરા સાથે પત્નીએ પ્રેમના ટેક્સ મેસેજ કરેલો હોય જે અંગે બોલાચાલી ઝઘડો થતા પત્નીએ આ મરાઠી છોકરા સાથે એક મહિનાથી વાત કરતી હોવાનું કહ્યું હતું. સંજયભાઈ તથા નાના ભાઈ સ્નેહલ પત્નીના પિયર મોહનગામ પલાટપાડા ગયા હતા. ત્યાં સાસુ-સસરાને સમગ્ર વાત કરતા મોડી સાંજના નિશાનો ભાઈ તથા માતા ઘરે આવ્યા હતા અને સમજાવી આ અંગે ઠપકો આપી જણાવેલ કે તારે મરાઠી છોકરા સાથે જવું હોય તો જતી રે અને આ છોકરાઓ સંજય પાસે મૂકી જા તેમ કહી તે જતા રહ્યા હતા.

રાત્રે દસેક વાગે સંજયભાઈ ઘરે આવ્યા ત્યારે પત્નીએ મોબાઇલ તોડી નાખ્યો હતો. ત્રણ બાળકો સાથે રૂમમાં પલંગ ઉપર તે ઊંઘી ગયો હતો. સવારના પાંચેક વાગ્યે ઊઠીને જોયું તો નિશા ફિનાઈલની બાટલી તથા સ્ટીલનો ગ્લાસ હાથમાં લઈને ઘરમાં આમ તેમ આંટા મારતી હતી. ત્રણેય છોકરાઓને ગળે લગાવીને પત્ની રડવા લાગી હતી. પોતે ઊઠીને ગળે દુપટ્ટા વડે ફાસો લગાવવાની કોશિશ કરતી હોય જેથી પતિએ હાથમાંથી દુપટ્ટો ખેંચી લીધો હતો અને ત્રણે બાળકોને ઉઠાડવા જતા તેઓ ઉઠતા ન હતા. ત્રણેય બાળકો પલંગ ઉપર મૃત હાલતમાં જોવાં મળ્યાં હતાં. આ ત્રણે બાળકોને નિશાએ ગળું દબાવીને, મોઢું દબાવીને કે કોઈ અન્ય રીતે મારી નાખ્યાં છે. નિશા પણ બેભાન જેવી હાલતમાં હોય તેણીને વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવારાર્થે ખસેડાઇ છે. સરીગામ પોલીસે હાલમાં સંજયભાઈની ફરિયાદના આધારે આરોપી નિશાબેન વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી મૃતક બાળકોની લાશનું પીએમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે. હવે પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ બહાર આવશે. વધુમાં નિશા હાલ હોસ્પિટલમાં છે તેણીની પૂછપરછમાં પણ સમગ્ર ઘટના ઉપરથી પડદો ઉંચકાશે.

ડીવાયએસપી જે. કે. પટેલના જણાવ્યા મુજબ ફોરેન્સિક ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને બનાવની જગ્યાએથી ઘરમાંથી ફીનાઇલની બોટલ તથા ગ્લાસ પોલીસે કબજે લીધા છે પોલીસને તપાસમાં એ પણ જાણવા મળ્યું કે પરિવારની સંમતિથી વર્ષ 2020માં મહેશ અને નિશા બંને જણા લીવ ઇન રિલેશનશિપમાં રહેતા હતા.

### વાપીના ડ્રગ...

રેડ દરમિયાન પોલીસે કોઈ પણ પાસ-પરમિટ વગર રાખવામાં આવેલો માદક પદાર્થ મેફેડ્રોન (MD) નો ૨.૩૭૭ કિલોગ્રામ તેમજ ૦.૬૫૮ કિલોગ્રામ જેટલો શંકાસ્પદ માદક પદાર્થ મળી કુલ મોટો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે વાપીના મહુલ મકવાણા અને દમણના અબ્દુલકલામ ખાનને પહેલા ઝડપી પાડ્યા હતા. ત્યાર બાદ એમડી ડ્રગ્સનો મુખ્ય સૂત્રધાર મનાતો આરોપી સરીગામના રાજેશ મૌર્યને પણ મંગળવારે જ પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે ત્રણે આરોપીના રિમાન્ડ મેળવવા કોર્ટ સમક્ષ જે કારણો દર્શાવ્યા હતા તેમાં શું આ આરોપીઓ કોઈ આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ સાથે અથવા તો કોઈ આંતકવાદી સંગઠન સાથે સંકળાયેલા છે કે કેમ? તે દિશામાં પણ ઊંડાણપૂર્વકની તપાસ કરવાની હોવાથી તેમના વધુ રિમાન્ડ જરૂરી હોવાનું પોલીસે કોર્ટમાં જણાવ્યું હતું. આ ઉપરાંત આ ત્રણેય આરોપીઓ સિવાય અન્ય કયા-કયા ઈસમો સંડોવાયેલા છે તેની વિગતો મેળવવી જરૂરી છે. પકડાયેલો મેફેડ્રોનનો આ જથ્થો આરોપીઓ કોને-કોને, કઈ જગ્યાએ અને કઈ રીતે વેચવાના હતા તેમજ ભૂતકાળમાં તેમણે કોને ડ્રગ્સ સપ્લાય કર્યું છે, તેની વિગતો મેળવવી જરૂરી છે જેથી આખી ગેંગનો પર્દાફાશ કરી શકાય. આરોપીઓએ આ મેફેડ્રોન ડ્રગ્સ કઈ જગ્યાએ બનાવ્યું હતું? આ ડ્રગ્સ બનાવવાની આખી પ્રક્રિયા (પ્રોસેસ) તેમણે કોની પાસેથી અને કેવી રીતે શીખી હતી? આ તમામ બાબતો પરથી પરદો ઉઠાવવો જરૂરી છે. આ જથ્થા સિવાય અન્ય કોઈ જગ્યાએ માદક પદાર્થો કે સાયકોટ્રોપિક સબસ્ટન્સનો જથ્થો છુપાવી રાખ્યો છે કે કેમ, તેની સચોટ તપાસ બાકી છે.

### ડ્રગ્સના ઉત્પાદનમાં...

કરવાની છે. આરોપીઓને આ ગેરકાયદેસર ડ્રગ્સના ઉત્પાદનમાં કોઈએ સીધી કે આડકતરી રીતે આર્થિક મદદ (ફંડિંગ) કરી છે કે કેમ? તેમજ કાળા કારોબારની કમાણીમાંથી તેમણે કોઈ સ્થાવર કે જંગમ મિલકતો વસાવી છે કે કેમ, તેની વિગતો જરૂરી છે.

### યુવા વર્ગને...

યુવાધનને નશાના બંધાણી બનાવી રહ્યું છે, જે તેમને શારીરિક, માનસિક અને આર્થિક રીતે પાયમાલ કરે છે. તેથી આરોપીઓની તળિયાઝાટક તપાસ જરૂરી છે. જેનાથી યુવા વર્ગને ડ્રગ્સના બંધાણી થતા રોકી શકાય.

### મેયરમાં સૌરાષ્ટ્રવાસી...

છે. મેયરનું પદ મહિલા માટે અનામત હોવાને કારણે ભાજપમાં પસંદગીમાં સત્તાનું સંતુલન જાળવા માટે પાવર બેલેન્સિંગ કરવામાં ભારે મથામણ ચાલી રહી છે.

ચર્ચા પ્રમાણે, જો મેયર તરીકે મૂળ સુરતી મહિલાની પસંદગી થાય તો સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે સૌરાષ્ટ્રવાસી નેતાને સ્થાન અપાઈ શકે છે. બીજી તરફ જો સૌરાષ્ટ્રવાસી મહિલાને મેયર બનાવવામાં આવે તો સ્ટેન્ડિંગ કમિટીનું પાવરફુલ પદ મૂળ સુરતી ચહેરાને સોંપાઈ શકે છે. જ્યારે ડેપ્યુટી મેયર અને શાસક પક્ષના નેતા તરીકે મરાઠી, ઉત્તર ભારતીય, રાજસ્થાની સહિતના પરપ્રાંતિય સમાજ વચ્ચેથી પસંદગી કરવામાં આવે તેવી સંભાવના છે. આ વખતે ભાજપે પદાધિકારીઓની પસંદગી પ્રક્રિયામાં પણ મોટો ફેરફાર કર્યો છે. દર વખતની જેમ આ વખતે પણ ઈ-મેઈલથી મેન્ડેટ મોકલવામાં આવનાર હોવાથી છેલ્લી ઘડી સુધી કોની પસંદગી થઈ તેની ખબર પડી શકે તેમ નથી. સવારે જ મેન્ડેટ ખુલતાં નામો ખબર પડશે.

### સુરત શહેરને...

નવા પદાધિકારીઓની વરણી કરવામાં આવશે. આ વખતે પદાધિકારીઓ માટે સેન્સ લેવાયા બાદ પદાધિકારીઓ નક્કી કરવામાં ભાજપે ભારે વિલંબ કર્યો હતો. પદાધિકારીની મલાઈદાર પોસ્ટ પર બેસી જવા માટે કોર્પોરેટરો દ્વારા છેક ગાંધીનગર સુધી અને છેક મુખ્યમંત્રી સુધી છેડા અડાડવામાં આવ્યા હતા. તો બીજી તરફ આ વખતે પોતાના માણસોને સેટ કરવા માટે ધારાસભ્યો દ્વારા પણ ભારે જોર લગાડવામાં આવ્યું હતું. આવતીકાલે સવારે 10 વાગ્યે નવા પદાધિકારીઓના નામ પરનું સસ્પેન્શ દૂર થશે.

સુરત મનપાની ચુંટણીમાં ભાજપે આ વખતે 1995 બાદ પ્રથમ વખત 115 બેઠકોની જંગી બહુમતિથી વિજય હાંસલ કર્યો છે. ભાજપની અંદર હાલ સૌથી વધુ ચર્ચાનો વિષય "રિપીટેશન" અને "નો-રિપીટેશન" થિયરી બન્યો છે. એક તરફ અગાઉ હોદ્દા સંભાળી ચૂકેલા અનુભવી ચહેરાઓને ફરી તક આપવાની દલીલ થઈ રહી છે, તો બીજી તરફ નવી ટીમના નામે ગત ટર્મના હોદ્દેદારોને સાઈડલાઈન કરવાની રણનીતિ ઘડાઈ રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. દરેક જૂથ પોતાના રાજકીય ફાયદા મુજબ આ થિયરીનું અર્થઘટન કરી વિરોધી જૂથના દાવેદારોને કાપવાના પ્રયાસમાં લાગી ગયું હોવાનું ભાજપના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

તાજેતરમાં અમદાવાદમાં ગત ટર્મના સ્થાયી સમિતિ અધ્યક્ષ રહી ચૂકેલા હિતેશ બારોટને મેયર બનાવાયા બાદ સુરતમાં પણ જૂના ચહેરાને તક મળશે તેવી અટકળો તેજ બની છે.

બીજી તરફ ભાજપનું એક જૂથ નો-રિપીટેશનની દલીલ આગળ ધપાવી હાલના અથવા પૂર્વ હોદ્દેદારોને આ ટર્મમાં તક ન મળે તે માટે રાજકીય સમીકરણો ગોઠવી રહ્યું હોવાનું કહેવાય છે.

### વિપક્ષના સભ્યોને...

તેમ નથી કેમકે આપના માત્ર ચાર અને કોંગ્રેસના એક સભ્ય ચુંટાયા છે. શાસકો દ્વારા પણ આ વિપક્ષને ગણતરીમાં જ લેવાનો ના હોય તેમ સભાગૃહમાં જે બેઠક વ્યવસ્થા ગોઠવાઇ તેમાં આપના ચાર અને કોંગ્રેસના એક સભ્ય માટે પાછલી લાઇનમાં બેઠકો ફાળવવામાં આવી છે.

"મિત્રને" ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. હરેશભાઈ ઠાકોરભાઈ પટેલ

ખોલવડ

સ્વ. તા.૨૫/૦૫/૨૦૨૬

મિત્ર યાદ બનીને આંખોને ભીંજવે છે. એ સ્વીકારવું અત્યંત કઠિન છે કે હવે તે અવાજ, તે સ્મિત અને તે હાજરી ફરી ક્યારેય મળવાની નથી. આ દુઃખ માત્ર શબ્દોમાં વ્યક્ત કરી શકાય એવું નથી, કારણ કે મિત્રનું વિયોગ હૃદય પર ઊંડો ઘા મૂકી જાય છે. પ્રભુ સદ્‌ગતના આત્માને પોતાના શ્રીચરણોમાં આશ્રય આપે અને પરિજનોને આ વિયોગની વેદના સહન કરવાનું મનોબળ પૂરું પાડે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ...

લિ.

ભરત તુલસીભાઈ સવાણી | દેવલ સુભાષભાઈ પટેલ
અનંત ધનસુખભાઈ પટેલ | અનીલ શાંતિલાલ પટેલ